For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



### દિવસે પતંગ અને સાંજ પડતા મ્યુઝિક સાથે યૌવને ડાન્સ અને ગરબાની રમઝટ બોલાવી

# ઉતરાયણનો ઉત્સાહ છવાયો, આકાશમાં રંગ બેરંગી પતંગોની રંગોળી પુરાઈ

**ઘરમાં** બેસી ભોજન આરોગવાનું ટાળ્યું,ઘાબે ઊંધિયું જલેબીની જયાફત માણી

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરામાં ઉતરાયણના તહેવારમાં આકાશમાં રંગબેરંગી પતંગોનું સામ્રાજ્ય જોવા મળ્યું હતું. પવનની સાનુકૂળ ગતિ અને આહલાદક વાતાવરણ વચ્ચે પતંગરસિયાઓ અગાશીઓ પર જામ્યા હતા. મ્યુઝિકના તાલે ઝૂમતા, તલ સાંકળીની મીઠાશ અને ઊંધિયું-જલેબીની જયાફત સાથે ઉત્તરાયણનો તહેવાર પૂરા જોશમાં ઉજવવામાં આવ્યો હતો.

ઉત્સવ પ્રિય અને સંસ્કારી નગરી વડોદરામાં ઉત્તરાયણની નગરજનોએ હર્ષોલ્લાસ ભેર ઉજવણી કરી હતી. વર્ષોથી ચાલતી આવતી પરંપરા મુજબ પ્રથમ ગાય માતાને ઘૂઘરી ખવડાવવા સાથે દાન કરી નગરજનોએ ધન્યતા અનુભવી હતી. વહેલી સવારે પવન સાથ નહીં આપતા પતંગ રસિકો નિરાશ થયા હતા. જોકે, 10 વાગ્યાથી પવન દેવે દસ્તક દેતા પતંગબાજો ગેલમાં આવી ગયા હતા. પવનની ગતિ વધતાજ ધાબા પર પતંગ રસિકોની ભીડ જામી ગઈ હતી. રંગબે રંગી પતંગોથી આકાશ છવાઈ ગયું હતું. નાના થી મોટા તમામ લોકો ધાબે જોવા મળ્યા હતા. પરિવાર અને મિત્રો સાથે ભાત ભાતના પતંગ ચગાવી પેચ કાપવાની મઝા માણી હતી. લપેટ લપેટ અને કાપ્યો છે ના નાદ સાથે આકાશ ગુંજી ઉઠ્યું હતું. કેટલાક પરિવારોએતો આગોતરું આયોજનના ભાગરૂપે ધાબા પરજ ઊંધિયું જલેબી સહિતના ભોજન અને નસ્તાની જયાફત માણી હતી. ધાબા પર મ્યુઝિક સિસ્ટમના સથવારે લોકોએ ડિસ્કો, ટીમલી અને ગરબાની રમઝટ બોલાવી હતી. બે દિવસ આખું વડોદરા ધાબા પર જોવા મળ્યું હતું. રાજકારણીઓ, પોલીસ , સરકારી વિભાગના અધિકારીઓ કર્મચારીઓથી માંડી તમામ ક્ષેત્ર સહિતના બરોડીયનોએ સહ પરિવાર ભેગા મળી ઉત્તરાયણ પર્વની ધમાકેદાર ઉજવણી કરી હતી.

## આતશબાજીથી આકાશ ઝગમગી ઉઠ્યું

વડોદરા શહેરમાં ઉતરાયણ પર્વની રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી. મોટાભાગનું વડોદરા શહેર ધાબા ઉપર જોવા મળ્યું હતું. નાનાથી માંડી મોટા પણ ઉતરાયણ પર્વની ઉજવણીમાં જોડાયા હતા. પેચ કાપતા ચિચિયારીઓથી આકાશ ગુંજી ઉઠ્યું હતું. જ્યારે મોડી સાંજે શહેરમાં દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો. લોકોએ ધાબા ઉપરથી આતશબાજી ફટાકડા ફોડી ઉતરાયણ પર્વની અનોખી ઉજવણી કરી હતી. ચારે દિશાઓમાંથી નગરજનો દ્વારા આતશબાજી કરવામાં આવતા આકાશમાં અદભુત નજારો જોવા મળ્યો હતો.

## જ્યુબિલી બાગ પાસે ટેરેસ પર આગ ભભૂકી



શહેરના જ્યુબિલીબાગથી કાલુપુરા તરફ જવાના માર્ગ ઉપર આવેલી કાર એસેસરીઝની દુકાનના ટેરેસ ઉપર આગ લાગી હતી. એકાએક આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આ બિલ્ડિંગની આજુબાજુમાં ધાબે ચડેલા લોકોમાં તેમજ નીચે રહેતા સ્થાનિક લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. બનાવની જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડના જવાનો સ્થળ પર દોડી આવ્યા હતા અને આગ ઉપર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. સદ નસીબે આગની ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી. જોકે, ફટાકડાના તણખલાના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવાયુ હતું.

## ઈમરજન્સી સર્વિસમાં ગરદનની ઈજાના 14 કેસ : કુલ 363 કેસ નોંધાયા

**સામાન્ય** સરેરાશ 244 કેસ કરતાં ખૂબ જ વધારે છે

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

ઉત્તરાયણ સંબંધિત ગરદનની ઈજાના 14 કેસ ઈમરજન્સી સર્વિસમાં નોંધાયા. હતા. 14 જાન્યુઆરીના રોજ કુલ ઈમરજન્સી કેસોની સંખ્યા 363 થઈ, જે 244 કેસની સામાન્ય સરેરાશ કરતાં ઘણી વધારે છે, જે ઈમરજન્સી રિસ્પોન્સ સેવાઓ પર દબાણમાં વધારો દર્શાવે છે. ટ્રોમા-સંબંધિત કટોકટીઓમાં સૌથી નોંધપાત્ર વધારો જોવા મળ્યો. નોન-વ્હીકલ ટ્રોમાના કેસ 27ની સામાન્ય સરેરાશથી વધીને 92 થયા, જ્યારે વ્હીકલ ટ્રોમાના કેસ 39 થી વધીને 88 થયા, જે દિવસ દરમિયાન અકસ્માત-સંબંધિત ઘટનાઓમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે. અન્ય ઈમરજન્સી કેટેગરીમાં પણ વધુ સંખ્યા નોંધાઈ. અજાણી તબીબી સમસ્યાઓ 40 થી વધીને 52 થઈ, જ્યારે ગર્ભાવસ્થા-સંબંધિત કટોકટીઓ 43 થી થોડી વધીને 48 થઈ. કાર્ડિયાક ઈમરજન્સીમાં પણ વધારો જોવા મળ્યો, જે 15 થી વધીને 20 કેસ થયો, અને આંચકી-સંબંધિત કોલ 8 થી વધીને 10 થયા. જોકે, કેટલીક કેટેગરીમાં ઘટાડો નોંધાયો. શ્વાસ સંબંધિત સમસ્યાઓ 27 થી ઘટીને 20 થઈ, જ્યારે પેટના દુખાવાના કેસ 25 થી ઘટીને 14 થયા. ડાયાબિટીસ ઈમરજન્સી અને સ્ટ્રોક-સંબંધિત કેસોમાં પણ નજીવો ઘટાડો જોવા મળ્યો. અધિકારીઓ આ વધારા માટે મુખ્યત્વે મુસાફરી, ઉત્સવની પ્રવૃત્તિઓ અને જાહેર અવરજવરમાં વધારો જવાબદાર ગણાવે છે, અને આવા સમયગાળા દરમિયાન સાવધાની, માર્ગ સલામતી અને સમયસર તબીબી સહાયના મહત્વ પર ભાર મૂકે છે. તહેવારના દિવસે તબીબી કટોકટીમાં હાજરી આપવા માટે સ્ટાફ સાથે કુલ 60 એમ્બ્યુલન્સ 24/7 ફરજ પર હતી.

## સયાજી હોસ્પિટલમાં 153 દર્દીઓની સારવાર કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરાની સયાજી હોસ્પિટલના તબીબો અને પેરામેડિકલ સ્ટાફ હોસ્પિટલના બિછાને આવેલા દર્દીઓની જિંદગી બચાવવા માટે ખડેપગે કાર્યરત હતા. ૧૪ જાન્યુઆરીના રોજ ઉત્તરાયણ નિમિત્તે 24 કલાકમાં પતંગની દોરી અને વાહન અકસ્માતને કારણે ઘાયલ થયેલા કુલ ૧૫૩ દર્દીઓ સારવાર અર્થે સયાજી હોસ્પિટલ પહોંચ્યા હતા. જેમાં 2 લોકોના મોત નીપજ્યા હતા. આમ તહેવારના દિવસે પણ પોતાની રજા કે મોજ-મજાનો ત્યાગ કરીને સયાજી હોસ્પિટલના ઈમરજન્સી વિભાગના કર્મચારીઓએ સરાહનીય કામગીરી કરી છે. હોસ્પિટલ તંત્ર દ્વારા પૂર્વનિર્ધારિત આયોજન મુજબ વધારાની ટુકડીઓ તૈનાત કરવામાં આવી હતી, જેથી કોઈ પણ ઈજાગ્રસ્તને સારવારમાં વિલંબ ન થાય. સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલા ૧૫૩ દર્દીઓમાં પતંગની ઘાતક દોરીથી ગળા કે શરીરના અન્ય ભાગે ઈજા પામેલા લોકો, ધાબા (અગાસી) પરથી પતંગ પકડવા જતાં પડી જવાથી ઈજાગ્રસ્ત થયેલા લોકો, રસ્તા પર દોરી આવવાને કારણે થયેલા અકસ્માતના કેસોનો સમાવેશ થાય છે.

### વીજકરંટથી અને કારની અડફેટે મોત

વાઘોડિયા વિસ્તારના રહેવાસી 33 વર્ષીય શંકર રાઠવા પતંગની દોરી પકડવા જતા વીજ વાયરમાં હાથ અડકી જતા કરંટ લાગતા ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડાતા મૃત જાહેર કરાયો હતો. જ્યારે બીજા બનાવમાં કરજણ ખાતે રહેતો 10 વર્ષીય હિમાંશુ કશ્યપ રોડ પર દોડીને પતંગ પકડવા જતા કારની અડફેટે મોત નીપજ્યું હતું.

## બાજુના મકાનની ટેરેસ પર આધેડ ખાબકયા, રોપ રેસ્ક્યુ કરાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

શહેરના નવરંગ સિનેમા પાસે ત્રણ માળના એક મકાનની ઉપરની કેબિન ઉપર 52 વર્ષીય હરીશ રાણા પતંગ પકડવા જતા બાજુના બંધ મકાનની બીજા માળની ટેરેસ પર પડ્યા હતા. જેને કારણે તેમને માથા અને કમરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. વળી બાજુનું મકાન બંધ હોવાથી તેમને સારવાર માટે લઈ જઈ શકાય તેવી પરિસ્થિતિ પણ ન હતી. આખરે ફાયર બ્રિગેડની મદદ લેવાતા દાંડિયા બજાર ફાયર બ્રિગેડના સૈનિક સલીમભાઈ અને સ્ટાફના માણસો બનાવના સ્થળે પહોંચ્યા હતા અને અડધો કલાક ની કામગીરી કરી ખૂબ જ સાવધાની પૂર્વક ઈજાગ્રસ્તનું રોપ રેસ્ક્યુ કર્યું હતું. ઈજાગ્રસ્ત આધેડ જે મકાનની ટેરેસ પર પડ્યા તે બંધ હોવાથી ત્યાંથી કાઢી શકાય તેમ ન હતું. જેને કારણે ફાયર બ્રિગેડ દ્વારા તેઓને ફરીથી ત્રીજા માળે લઈ જવામાં આવ્યા હતા અને ત્યાંથી સીડી મારફતે નીચે ઉતારી સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

### બિલ્ડર હિરેન પટેલની બેદરકારીથી દિવાલ ધરાશાયી થતા રહીશો વિફર્યા

# અટલાદરામાં 'નમસ્યા' સાઈટ પર બિલ્ડરને મેથીપાક

**લોકોના** ઘર જોખમમાં મૂકનાર બિલ્ડરને લાકડીઓ અને લાતો વડે ઢોર માર માર્યો; વડોદરાના કન્સ્ટ્રક્શન જગતમાં ખળભળાટ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

નમસ્યા સાઈટના બિલ્ડર હિરેન પટેલની બેદરકારીથી દિવાલ ધરાશાયી થતા રહીશોએ વિફર્યા હતા અને બિલ્ડરને મેથીપાક ચખાડ્યો હતો.

વડોદરા શહેરના અટલાદરા વિસ્તારમાં નિર્માણાધીન સાઈટ પર બિલ્ડરની ઘોર બેદરકારી સામે આવતા સ્થાનિક રહીશોએ કાયદો હાથમાં લીધો હોવાની ઘટના બની છે. પ્રમુખ સ્વામી તીર્થ સોસાયટીની બાજુમાં આવેલી 'નમસ્યા' નામની સાઈટ પર આડેધડ ખોદકામને કારણે રહીશોના મકાનો અને સુરક્ષા જોખમમાં મુકાતા, રોષે ભરાયેલા લોકોએ બિલ્ડરને મેથીપાક ચખાડ્યો હતો.

અટલાદરામાં પ્રમુખ સ્વામી તીર્થ સોસાયટીની અડીને 'નમસ્યા' પ્રોજેક્ટનું કામ ચાલી રહ્યું છે. સ્થાનિક રહીશોના આક્ષેપ અનુસાર, બિલ્ડર હિરેન અભિજીતભાઈ પટેલ દ્વારા સુરક્ષાના કોઈપણ માપદંડો જાળવ્યા વિના ઊંડું ખોદકામ કરવામાં આવી રહ્યું હતું. આ અસુરક્ષિત ખોદકામને પરિણામે બાજુમાં આવેલી પ્રમુખ સ્વામી તીર્થ સોસાયટીની સેફ્ટી વોલ અચાનક ધરાશાઈ થઈ ગઈ હતી.

દિવાલ પડવાની સાથે જ કેટલાક મકાનોના ભાગોમાં પણ નુકસાન થયું હતું, જેના કારણે રહીશોમાં ફાળ પડી હતી. પોતાના હક્કના મકાનો જોખમમાં મુકાતા અને રહેવાસીઓને રસ્તા પર આવવાની નોબત આવતા લોકોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો.

રહીશોએ જણાવ્યું હતું કે, બિલ્ડર હિરેન પટેલને અગાઉ પણ અનેકવાર ચેતવણી આપવામાં આવી હતી કે આ રીતે ખોદકામ કરવાથી સોસાયટીના મકાનોને નુકસાન થઈ શકે છે. આમ છતાં, નફાખોરીની લ્હાયમાં બિલ્ડર હિરેન પટેલે સુરક્ષાના સાધનો કે રીટેનિંગ વોલ બનાવ્યા વિના કામ ચાલુ રાખ્યું હતું. આ જીવલેણ બેદરકારીને કારણે અનેક પરિવારોએ રાતોરાત ઘર છોડવા પડ્યા છે.

ઘટનાના પગલે મોટી સંખ્યામાં રહીશો 'નમસ્યા' સાઈટ પર એકઠા થયા હતા. ત્યાં હાજર બિલ્ડર હિરેન પટેલને જોઈને લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો. ઉશ્કેરાયેલા ટોળાએ બિલ્ડર પર લાકડીઓ અને હાથ વડે હુમલો કર્યો હતો. બિલ્ડરને સાઈટ પર જ ઢોર માર મારવામાં આવતા વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.

બનાવની જાણ થતા જ અટલાદરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મામલો થાળે પાડ્યો હતો. પોલીસે ઈજાગ્રસ્ત બિલ્ડરને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, હાલ આ મામલે બે પાસાઓ પર તપાસ ચાલી રહી છે. બાંધકામના નિયમોનું ઉલ્લંઘન અને લોકોની મિલકતને નુકસાન. તેમજ કાયદો હાથમાં લઈને બિલ્ડર પર હુમલો કરનાર તત્વો વિરુદ્ધ કાર્યવાહી કરી હતી.

# બિલ્ડર મનિષ પટેલે દુકાન વેચાણ આપવાના બહાને વૃદ્ધ પાસેથી રૂ.13.23 લાખ પડાવ્યાં

વિવિધ પોલીસ સ્ટેશનમાં મહાઠગ બિલ્ડર વિરુદ્ધ 18 ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

ખોડિયારનગરમાં આવેલી ક્રિસ્ટેલ પ્રમુખ કોમર્શિયલ હબ સાઈટના મહાઠગ બિલ્ડર મનિષ પટેલ તથા તેમની પત્ની વિરુદ્ધ ઠગાઈની વધુ એક ફરિયાદ નોધાઈછે. જેમાં ગોત્રી વૃદ્ધે બિ દુકાન બુક કરાવી રૂ.13.23 લાખ ચૂકવી દીધા હોવા છતાં બિલ્ડર દંપતી પજેશન આપતા ન હતા. પોલીસે દંપતી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના ગોત્રી સેવાસી રોડ પર આવેલી પ્રાર્થના વિહાર ફ્લેટમાં રહેતા પરષોતમભાઈ કાબાભાઈ આસોદરીયા (ઉ.વ.67) નિવૃત જીવન ગુજારે છે. મહાઠગ બિલ્ડર મનિષ પટેલ દ્વારા ખોડિયારનગર ન્યુ વીઆઈપી રોડ પર ક્રિસ્ટલ પ્રમુખ કોમર્શિયલ હબ નામની દુકાન અને ઓફિસની કોર્મશિયલ સાઈટની બિલ્ડિંગ બનાવી હતી. જેમાં વૃદ્ધ પરષોત્તમ આસોદરીયાએ ગત 23 ઓક્ટોબર 2015ના રોજ આ બિલ્ડિંગમાં જીએફ 29 નંબરની દુકાન રૂપિયા 17.20 લાખમાં બુક કરાવી હતી. જેથી વૃદ્ધ દુકાન બુકિંગ પેટે સહિત રૂપિયા 13.23 લાખ જેટલી માતબર રકમ બિલ્ડરને રોકડા તથા ચેકથી ચુકવી દીધી હતી. જ્યારે પણ વૃદ્ધ દુકાનના વેચાણ દસ્તાવેજ કરી આપવા બાબતે વાત કરે ત્યારે બિલ્ડર દંપતી બાંધકામ પૂર્ણ થયા બાદ વેચાણદસ્તાવેજ કરી આપવા સાથે પજેશન પણ આપી દેશે તેવી ખોટા વાયતા કર્યાં કરતા હતા. જેથી સમયસર પુરૂ નહિ કરી તેમજ નાણા ચુકવવા છતાં દુકાનનું પજેશન નહી આપી બિલ્ડર મનિષ પટેલ તથા તેમની પત્ની રૂપલ પટેલ દ્વારા છેતરપીંડી કરવામાં આવી હતી. જેથી બાપોદ પોલીસે મનિષ પટેલ તથા તેમની પત્ની રૂપલ પટેલ (બંને રહે. સિલ્વર પાર્ક કરોડિયા રોડ તથા સાઈન પ્લાઝા, નટુભાઈ સર્કલ પાસે રેસકોર્ષ વડોદરા) વિરુદ્ધ ઠગાઈની ફરિયાદ બાપોદ પોલીસ સ્ટેશનમાં નોધાવી છે.

### એક્સપ્રેસ વે પરથી ઠગ બિલ્ડર ઝડપાયો હતો

બિલ્ડર મનિષ પટેલ દ્વારા રૂપિયા લીધા બાદ પણ દુકાન અને ઓફિસનું પઝેશન નહી આપી ઠગાઇ કરાઇ હતી. જેમા વર્ષ 2025-2026માં ગોરવા તથા બાપોદ પોલીસ સ્ટેશનના 3 ઠગાઇના ગુના દાખલ થયા છે. જેમાં બિલ્ડરે રૂ.50 લાખ જેટલી રકમ લીધી હોવા છતા દુકાનનો દસ્તાવેજ કરી આપતો ન હતો અને રૂપિયા પરત કરતો ન હતો અને ધરપકડથી બચવ માટે નાસતો ફરતો હતો. દરમિયાન ક્રાઇમ બ્રાન્ચે આ બિલ્ડર મનિષ પટેલની અમદાવાદથી વડોદરા તરફ આવતા એક્સપ્રેસ હાઇવે પરથી તેના કારમાંથી ઝડપી પાડ્યો હતો.